RAN-2608000606040002

# RAN-2608000606040002

## T.Y.B.Com. (NEP) (Sem. VI) Examination March - 2026

## AEC : Gujarati Proficiency And Life Skills

**Time: 1 Hour ]** **[ Total Marks: 25**

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book.

(2) જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.
Figures on the right indicate full marks of the question.

Seat No.:

Student's Signature

**પ્ર. 1. નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો (ગમે તે પાંચ)** **10**

1. પ્રથમા વિભક્તિ (કર્તા) કોને કહેવાય છે?
2. વિભક્તિના પ્રકાર જણાવો.
3. અકર્મક વાક્ય કોને કહેવાય?
4. બાળક રમતાં રમતાં પડી ગયું.- આ વાક્યમાં કૃદંતનો પ્રકાર જણાવો.
5. કૃદંત એટલે શું?
6. ગદ્યખંડનું વિવરણ એટલે શું?
7. વિવરણ કરનાર કેવો હોવો જોઈએ?

**પ્ર. 2. (અ) ટૂંકનોંધ લખો (ગમે તે એક)** **05**

1. વિભક્તિના કોઈપણ ત્રણ પ્રકારો ઉદાહરણ આપી સમજાવો.
2. પાંચમી વિભક્તિ (અપાદાન) અને છઠ્ઠી વિભક્તિ (સંબંધ) ને ઉદાહરણ આપી સમજાવો.

**(બ) ટૂંકનોંધ લખો (ગમે તે એક)** **05**

1. વર્તમાન કૃદંત અને ભૂતકૃદંતને દ્રષ્ટાંત આપી સમજાવો.
2. કોઈપણ ત્રણ કૃદંત ઉદાહરણ આપી સમજાવો.

(ક) વિવરણની સમજ આપી વિવરણ પ્રક્રિયાના નિયમો જણાવો.

**અથવા**

**(ક) ગદ્યખંડનું વિવરણ કરો.** **05**

કલાકૃતિ આપણા ચિત્તમાં એક પ્રકારનો આનંદનો ભાવ જન્માવે છે. 'એક પ્રકારનો આનંદનો ભાવ' એમ એટલા માટે કહેવું પડે છે કે જીવનના બીજા ઘણા અનુભવો પણ આપણને આનંદ આપે છે, પરંતુ ત્યાં જે કારણે આનંદ પડે છે, તે કારણે કળામાં આનંદ પડતો નથી. જીવનના અનુભવોમાં સામાન્ય રીતે આપણી અપેક્ષાઓ સંતોષવાથી આનંદ થાય છે, પણ કલાની કૃતિઓનું પ્રયોજન આપણી ભૌતિક અપેક્ષાઓ સંતોષવાની નથી. એમનો અનુભવ નિરપેક્ષ દષ્ટિએ લેવાનો હોય છે, એ રીતે એમનો અનુભવ લઈએ અને જે આનંદ મળે તે જ કલાનો આનંદ કહેવાય.

-જયંત કોઠરી